RNI No.: GUJGUJ/2015/65690

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

વર્ષઃ ૧૦ | અંકઃ ૯ | માર્ચ - ૨૦૨૫ | કિંમતઃ ૧૦/-



# Karma Associates

TATA AIA LIFE INSURANCE

TATA AIG INSURANCE

## "All insurance in one umbrella."




**Book your Appointment:**

**Bhavin Shah - 99255 94767 | Priti Vora - 99241 99190**

**karmaassociatesbhavinshah@gmail.com**

# Kalash Associates

- Car Loan
- Home Loan
- Business Loan
- Personal Loan
- Mortgage Loan
- Education Loan

**Book your Appointment:**

**Jinal Joshi - 7575816434**

**kalashassociates87@gmail.com**

**Golden opportunity to join our business... 99255 94767**

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**ૐકાર સંપ્રદાય**

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી** કિંજલભાઈ શાહ

**સહતંત્રી** મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No.: E/20646/Ahmedabad

સદ્ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

માર્ચ-૨૦૨૫ | પાના નં: ૨૪
વર્ષ: ૧૦ | અંક: ૦૯
કિંમતરૂ.: ૧૦/-

# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

ૐકાર સંપ્રદાય મેગેઝિનના ફેબ્રુઆરી મહિનાના વિશેષાંકને આપના તરફથી ઉત્તમ પ્રતિસાદ મળવા બદલ ખૂબ ખૂબ આભાર...

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ (NGO) દ્વારા દિવ્યાંગ બાળકો માટે દર મહિને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. નેશનલ ટ્રસ્ટની નિરામયા પોલીસીની સ્કીમમાં દિવ્યાંગ બાળકો માટે દર ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં રજીસ્ટ્રેશન કરવામાં આવે છે, તેનો લાભ દિવ્યાંગોને મળી રહે તે માટે ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ (NGO) દિવ્યાંગ બાળકો વતી પ્રિમિયમ ભરીને તેમને મદદરૂપ થાય છે.

આપના તરફથી મળતી લવાજમ પેટેની રકમ ૐકાર સંપ્રદાય આવા માનવસેવાના પુણ્યકાર્યોમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

પરમ પૂજ્ય ગુરુજી રચિત એક ગઝલ હું અહીં લખી રહ્યો છું.

**'રસ્તા નવા'**

ઊંઘમાંથી જાગવા દે, ભય મુકીને ભાગવા દે ;
ક્યાં વધુ માંગુ છું ઈશ્વર? અન્ન, પાણી ને હવા દે ;
જે મગજ પર ભાર આપે, એ બધી વાતો જવા દે ;
એક બે લલકાર ગીતો, એક બે ગઝલો થવા દે ;
દૃશ્ય નવલા દેખવા છે, તું મને રસ્તા નવા દે.

ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં આવતા મંત્રો તેમજ દિવ્ય સાધનાઓ દ્વારા આપ સૌના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે તેવી પ.પૂ. સદ્ગુરુ ૐઋષિના શ્રીચરણોમાં અભ્યર્થના સાથે ૐ નમઃ...

ૐકાર સંપ્રદાય મેગેઝિનનું લવાજમ ભરવા માટે મોબાઈલ નંબર ૯૪૨૯૨૦૮૯૯૭ પર સંપર્ક કરવો.

તંત્રી,
કિંજલભાઈ શાહ

|| ૐ નમઃ ||

# સદ્ગુરુ ૐઋષિનો પ્રાગટ્યદિન

"દર્શન માત્ર સે મિટે કષ્ટ"

મંત્ર - દર્શન - ચમત્કાર

મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીના

પ્રાગટ્ય દિવસ (જન્મ દિવસ) પર

ૐકારની દિવ્યકૃપા અને મંત્રથી તેજોમય ગુરુજીના મહાદર્શને
હજારો ભક્તોએ એમના દર્શનાર્થનો અને દિવ્ય આશિષનો લાભ લઈ ધન્યતા અનુભવેલ,
એવા અલૌકિક દિવ્ય ક્ષણોની સવિશેષ ઝલક...











॥ ૐ નમઃ ॥

























॥ ૐ નમઃ ॥



|| ૐ નમઃ ||

# સદ્ગુરુ ૐઋષિ અને મહાસાધના

## મહાશિવરાત્રિના
### પાવન અવસરે

**મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ.**
**સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીની પાવન નિશ્રામાં યોજાયેલ**

## ૐકાર મહાશિવા ઊર્જાશક્તિ સાધના અને આકસ્મિક ધનલાભ મહાસાધના

પરમ પૂજ્ય ગુરુજી દ્વારા કરાવવામાં આવેલ આ મહાસાધના ૨૬-૨-૨૦૨૫ના રોજ અન્નપૂર્ણા હોલ, પાલડી, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ. આધ્યાત્મિકતા અને ભૌતિકતાના અદ્વિતીય સમન્વય સાથે પરમ પૂજ્ય ગુરુજી દ્વારા કરાવવામાં આવેલ આ દિવ્યતમ મહાસાધનામાં ભક્તોએ ખૂબ જ શ્રદ્ધાથી લાભ લઈ ધન્યતાની અનુભૂતિ કરેલ. ગુરુજી દ્વારા તપોસિદ્ધ આ અલૌકિક સાધનાની દિવ્ય ક્ષણોની સવિશેષ પાવન ઝલક...











































|| ૐ નમઃ ||


ॐ नमः शिवाय
ऊर्जाशक्ति साधना एवं ॐ आकस्मिक धनलाभ कुबेर महासाधना



# "રામનવમીના પાવન દિવસથી પરમ પૂજ્ય સંતશ્રી ૐઋષિસ્વામી દ્વારા મંત્રોસિદ્ધ સાધના"

ચૈત્ર મહિનાની શુક્લપક્ષની નવમી એટલે ''રામનવમી''.

હિંદુ ધર્મશાસ્ત્રો પ્રમાણે ત્રેતાયુગમાં રાવણના અત્યાચારોને સમાપ્ત કરવા તથા ધર્મની પુનઃસ્થાપના કરવા માટે ભગવાન શ્રી વિષ્ણુએ મૃત્યુલોકમાં શ્રીરામના સ્વરૂપે અવતાર લીધો હતો. ભગવાન શ્રીરામનો જન્મ ચૈત્ર મહિનાની શુક્લ પક્ષની નવમીના દિવસે પુનર્વસુ નક્ષત્ર અને કર્ક લગ્નમાં રાણી કૌશલ્યા અને રાજા દશરથના ઘરે થયો હતો.

પૂરા ભારતવર્ષમાં રામનવમીનો પર્વ ખૂબ જ શ્રદ્ધા અને આસ્થા સાથે મનાવવામાં આવે છે. રામનવમીનો તહેવાર ભગવાન શ્રી વિષ્ણુના સાતમા અવતાર ભગવાન રામના જન્મદિવસ તરીકે ઉજવવામાં આવે છે. રામનવમીના દિવસે જ ચૈત્રી નવરાત્રિની સમાપ્તિ પણ થાય છે. ભગવાન શ્રીરામનો અર્થ છે ''સ્વયં પ્રકાશ'', ''સ્વયંની ભીતર જ્યોતિ''. જેનો અર્થ છે આપણી અંદરનો શાશ્વત પ્રકાશ. આપણી આત્માનો પ્રકાશ. રામનવમી પર્વનો મુખ્ય ઉદ્દેશ્ય છે 'આપણી અંદર જ્ઞાન અને પ્રકાશનો ઉદય'.

ભગવાન શ્રીરામ સ્વયં પ્રકાશ છે. ભગવાન શ્રીરામે ત્રેતાયુગમાં ધર્મની સ્થાપના માટે જન્મ લીધો હતો. તેમને મર્યાદાના પ્રતિક માનવામાં આવે છે અને પુરુષોત્તમ એટલેકે શ્રેષ્ઠ પુરુષની ઉપાધિ આપવામાં

આવી છે. મહાકાવ્ય રામાયણ અનુસાર અયોધ્યાના રાજા દશરથને ત્રણ પત્નીઓ હતી. કૌશલ્યા, સુમિત્રા અને કૈકયી. પરંતુ, લગ્નના ઘણાં વર્ષો પછી પણ રાજા દશરથને ત્યાં સંતાનપ્રાપ્તિ ન થઈ. તેના ઉપાય રૂપે ઋષિ વશિષ્ઠજીએ રાજા દશરથને પુત્ર પ્રાપ્તિ માટે કમેષ્ટિ યજ્ઞ કરાવવાનું કહેલું. આ સાંભળીને રાજા દશરથ ખુશ થયા અને યજ્ઞ કરાવવાની વિનંતી કરી. યજ્ઞ દરમ્યાન મહર્ષિએ રુશયા શરુંગાને ત્રણેય રાણીઓને પ્રસાદરૂપે ખીર આપી અને તે ખીર આરોગ્યા બાદ થોડા જ વખતમાં ત્રણેય રાણીઓ ગર્ભવતી થઈ અને ચૈત્ર મહિનામાં રાજા દશરથની મોટી રાણી કૌશલ્યાએ સુંદર પુત્ર 'શ્રીરામ'ને જન્મ આપ્યો તેમજ કૈકયીએ ભરતને તેમજ સુમિત્રાએ બે જુડવા પુત્ર લક્ષ્મણ અને શત્રુઘ્નને જન્મ આપ્યો. આમ, શ્રીરામનો જન્મ ધરતી પર ધર્મની સ્થાપના માટે તેમજ રાવણના અત્યાચારોને વિરામ આપવા માટે થયો હતો.

ભગવાન શ્રીરામ અવિનાશી પરમાત્મા છે જે બધાંના સૃજનહાર છે, જેની સ્તુતિમાં તૈંત્રીસ કરોડ દેવતાઓ-દેવીઓ નતમસ્તક રહે છે. જે પૂર્ણ મોક્ષદાયક અને સ્વયંભુ છે.

**આ વખતે રામનવમી તારીખ : ૬-૪-૨૦૨૫, રવિવારના રોજ છે.**

## રામનવમીના પાવન દિવસથી ભગવાન શ્રીરામની મંત્રસાધના કરવાની માહિતી

રામનવમીના પાવન દિવસથી ભગવાન રામની આરાધના કરવા માટે આજે હું આપને ૨૭ દિવસની સાધના આપી રહ્યો છું.

**દિવ્ય મંત્ર : ।। ૐ શ્રી રામ રામ રક્ષામી નમઃ।।**

ઉપર આપેલ દિવ્ય મંત્ર ૨૭ વખત કરી અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ મંત્રસાધના ૨૭ દિવસ કરવી. આ સાધના આખા દિવસમાં ગમે તે સમયે કરી શકાય. સાધના દરમ્યાન કોઈ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૨૭ દિવસ ગણીને આ સાધના પરિપૂર્ણ કરવી. આ દિવ્ય સાધનાથી આપને ભગવાન રામની અસીમ કૃપાની પ્રાપ્તિ થશે.



# મહાવીર જયંતીના પાવન દિવસથી મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા માટેની દિવ્ય મંત્રસાધના

જૈન ધર્મના ૨૪મા તીર્થંકર સ્વામી મહાવીરની જન્મતિથિ એટલે મહાવીર જયંતી. ભગવાન મહાવીરનો જન્મ લગભગ ૬૦૦ વર્ષ પૂર્વે ચૈત્ર મહિનાની શુક્લપક્ષની ત્રયોદશીના દિવસે મહારાજ સિદ્ધાર્થ અને માતા મહારાણી ત્રિશલાના ઘરે થયો હતો. જેનાં જન્મની ખુશીમાં મહાવીર જયંતી ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે. પંચશીલ સિદ્ધાંતના પ્રવર્તક અને જૈન ધર્મના ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર અહિંસાના પ્રમુખ ધ્વજવાહકોમાંથી એક છે. કઠિન તપશ્ચર્યાથી જીવન પર વિજય પ્રાપ્ત કરવાનો તહેવાર એટલે મહાવીર જયંતી.

ભગવાન મહાવીર બાળપણથી જ ખૂબ જ તેજસ્વી અને સાહસી હતાં. ગૃહસ્થજીવનનો ત્યાગ કર્યા બાદ ભગવાન મહાવીરે સાડા બાર વર્ષ સુધી કઠોર તપ કર્યું પછી વૈશાખ મહિનાની શુક્લપક્ષની દશમીના દિને ઋજુબાલુકા નદીના કિનારે તેમને 'કૈવલ્ય જ્ઞાન'ની પ્રાપ્તિ થઈ હતી. ભગવાન મહાવીરના જન્મદિવસને 'કલ્યાણક'ના નામે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે જૈન મંદિરોમાં ભગવાન મહાવીરની મૂર્તિ પર અભિષેક કરવામાં આવે છે. આ અભિષેકનું પણ ખૂબ જ વિશેષ મહત્ત્વ રહેલું છે. ભગવાન મહાવીરનું જીવન કષ્ટોનો જીવંત ઈતિહાસ છે. તેમણે તપ અને સાધનાના માર્ગ પર ચાલીને તમામ ઈચ્છાઓ અને વિકારો પર કાબુ પ્રાપ્ત કરી લીધો હતો. સુખી-વૈભવી જીવનનો ત્યાગ કરીને તેમણે તપ-સાધનાનો કઠિન માર્ગ અપનાવ્યો હતો. સાથે જ તેમણે અહિંસાનો અમર ઉપદેશ આપ્યો માટે તે ''મહાવીર'' કહેવાયા. સામાન્ય લોકોના કલ્યાણ અને અભ્યુદય માટે તેમણે ધર્મ-તીર્થનું પ્રવર્તન કરેલું.

ભગવાન મહાવીરે હંમેશાથી દુનિયાને અહિંસા અને અપરિગ્રહનો સંદેશ આપ્યો છે. તેમણે

જીવમાત્રથી પ્રેમ અને પ્રકૃતિથી નજીક રહેવાનો ઉપદેશ આપ્યો છે. ભગવાન મહાવીરે જ કહ્યું છે કે કદાચ જો કોઈને આપણી મદદની જરૂર હોય અને આપણે એની મદદ કરવામાં સક્ષમ છીએ છતાં તેની મદદ ન કરીએ તો તે પણ એક પ્રકારની હિંસા જ છે. તેમણે જાત-પાત-વર્ણના ભેદભાવોથી ઉપર ઉઠીને સમાજ કલ્યાણની વાત કરેલી.

આમ, મહાવીર જયંતી એ અહિંસા, ત્યાગ અને તપશ્ચર્યાનો દિવ્ય સંદેશ આપનાર મહાન પર્વ છે જેને પૂરા ભારતવર્ષમાં ખૂબ જ શ્રદ્ધા અને આસ્થા સાથે ઉજવવામાં આવે છે.

## મહાવીર જયંતીના પાવન દિવસથી મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા માટે ભગવાન મહાવીરની મંત્રસાધના કરવાની માહિતી

મહાવીર જયંતીના પાવન દિવસથી મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા માટે ભગવાન મહાવીરની દિવ્ય સિદ્ધ મંત્રસાધના હું આપને આપી રહ્યો છું.

**દિવ્ય મંત્ર : ॥ ૐ મોક્ષીતા મોક્ષીતા સિદ્ધા મહાવીરાય નમઃ ॥**

ઉપર આપેલ દિવ્ય મંત્ર આ મહાવીર જયંતી થી આવતી મહાવીર જયંતી સુધીમાં ૨૭૦૦૦ વાર કરવો. આ સાધના આખા દિવસમાં ગમે તે સમયે કરી શકાય. આ મંત્ર સિદ્ધ કરવાથી આપને મોક્ષમાર્ગની દિશા પ્રાપ્ત થશે.



# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

**પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :** આ મહિના દરમિયાન વાદળી વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી ઘઉં મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

**છૂટક વસ્તુના વેપારી માટે :** રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને લાલ વસ્ત્રમાં મગના બે દાણા અને ચપટી ઘઉં મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

**ઉત્પાદક માટે :** ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને સફેદ વસ્ત્રમાં કઠોળનાં ચાર દાણા અને ચપટી ઘઉં મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

**જથ્થાબંધ માલના વેપારી માટે :** હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન આસમાની કલરના વસ્ત્રમાં વાલના ચાર દાણા અને ચપટી ઘઉં મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

**નોકરિયાત માટે :** નોકરી કરતા વ્યક્તિઓએ કેસરી વસ્ત્રમાં સીંગના ચાર દાણા અને ચપટી ઘઉં મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઈચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

**વિદ્યાર્થી માટે :** વિદ્યાર્થીઓએ સફેદ વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી ઘઉં મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફતરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

# હનુમાન જયંતીના પાવન દિવસથી ભગવાન હનુમાનની કૃપા અને આશીર્વાદ પ્રાપ્ત કરવા માટેની મંત્રસાધના



હનુમાન જયંતીના પાવન દિવસથી ભગવાન હનુમાનની આરાધના કરવા માટે આજે હું આપને ૧૮ દિવસની સાધના આપી રહ્યો છું.

સૌપ્રથમ લાકડાનું એક બાજઠ લેવું. એના ઉપર લીલા કલરનું વસ્ત્ર પાથરવું. વસ્ત્ર ઉપર ચાર લવીંગ અને ૫રૂ.નો સિક્કો મુકવો. ત્યારબાદ નીચે આપેલ ૐ શ્રી હનુમંતા શક્તિ ચક્રનું કટીંગ કરીને લેમીનેશન કરાવી દેવું અને તેને પણ સ્થાપનમાં મુકવું. ત્યારબાદ નીચે આપેલ મંત્ર ૯ વખત કરી અને એકવાર ૐઋષિ રચિત સુંદરકાંડ ચાલીસાનો પાઠ કરવો. સુંદરકાંડ ચાલીસા આ મગેઝિનમાં આપેલ છે. એક જ સ્થાપન પર ઘરમાં રહેતા અન્ય સદસ્યો પણ આ સાધના કરી શકે છે.

**સાધના કેટલા દિવસ કરવી?** : આ સાધના ૧૮ દિવસ કરવી. વચ્ચે કોઇ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૧૮ દિવસ ગણીને સાધના કરવી.

**સાધના કરવાનો સમય** : આખા દિવસમાં ગમે ત્યારે કરી શકાય.

**સ્થાપન કરવાનો સમય** : હનુમાન જયંતીના દિવસે સવારે ૭ થી ૧૦ માં સ્થાપન કરવું.

**કયા કલરનું વસ્ત્ર પહેરવું?** : કોઈપણ કલરનું વસ્ત્ર પહેરીને આ સાધના કરી શકાય.

સાધના પૂર્ણ થયા બાદ સ્થાપનમાં મુકેલી વસ્તુઓ ચક્ર સાથે નદીમાં વિસર્જિત કરી દેવી.

**મંત્ર : ॥ ૐ હનુમંતા મમઃ રક્ષાતી નમો નમઃ ॥**

## ૐ શ્રી હનુમંતા શક્તિ ચક્ર

| | | |
|---|---|---|
| ॥ ॐ श्री रामः ५ ॥ | ॥ ॐ श्री बजरंग रक्षाः ७ ॥ | ॥ ॐ श्री शक्तिरक्षाः ९ ॥ |
| ॥ ॐ रक्षामिः २ ॥ | ॥ ॐ रक्षल्यः २२ ॥ | ॥ ॐ रक्षातिः २२२ ॥ |
| ॥ ॐ त्रिपाकः ९ ॥ | ॥ ॐ बजरंगबलीः ९९ ॥ | ॥ ॐ संजीवनीः ९९९ ॥ |




# શ્રી સુંદરકાંડ ચાલીસા

**સાખી**

સુંદરકાંડ શ્રી ચાલીસા, રચી ભક્તન કે હિત ।
સાર હૈ સુંદરકાંડ કા, ક્ષીર સે નિકલા ઘૃત ॥

જામવંત કે વચન સુનિ કપિ, લાંઘત સિંધુ શ્રી રામનામ જપિ ॥૧॥
ચલે મૈનાક કો કરિ પ્રણામા, રામકાજ બિનુ નહીં વિશ્રામા ॥૨॥
સુરસા ઔર નિસિચરિ માયા, કપિ ને બલ-બુદ્ધિ સે મિટાયા ॥૩॥
લંકિની કો મુષ્ટિકા મારી, ખોજ કરી બૈદેહી કી ભારી ॥૪॥
લંકા નિસિચર મધ્ય વિભિષણ, મિલે કપિકો એક હી સજ્જન ॥૫॥
રામકથા વિભિષણ અતિ ભાઈ, સીતા દરસ કી જુગતિ બતાઈ ॥૬॥
સીતા અશોકવાટિકા બૈઠી, પરમ દુઃખી ભએ હનુમત દેખી ॥૭॥
તેહિ અવસર ખલ રાવણ આયા, સામ-દામ-ભય-ભેદ દિખાયા ॥૮॥
રાવણ કો સીતા ધુત્કારે, રામ હૈં ભાનુસમ ઉચ્ચારે ॥૯॥
ચંદ્રહાસ દશગ્રીવ ઉઠાએ, નીતિ મયતનયાઁ સમજાએ ॥૧૦॥

ચઢહું ચિતા - સીતા અકુલાઈ, પ્રભુ કા બલ ત્રિજટા સુનાઈ ॥૧૧॥
બિરહાકુલ અતિ સીતા દેખી, કરિ વિચાર કપિ મુદ્રિકા ફૈંકી ॥૧૨॥
રામનામ સોં મુદ્રિકા અંકિત, સીતા દેખ ભઈ અતિ વિસ્મિત ॥૧૩॥
કપિ સુનાઈ રામગુન-ગાથા, સુનતહિ સીતા કર દુ:ખ ભાગા ॥૧૪॥
સીતા સમ્મુખ પ્રકટે કપિવર, રામદૂત મૈં કહત જોડી કર ॥૧૫॥
યહ મુદ્રિકા માતુ મૈં આની, સત્ય શપથ કરુણાનિધાન કી ॥૧૬॥
સુનિ કપિ વચન જાનકી હરષે, રઘુબીર સુમિર નૈન નીર બરસે ॥૧૭॥
હનુમત ને સંદેશ સુનાયા, શીઘ્ર હી આયેંગે રઘુરાયા ॥૧૮॥
ખાએ કપિ ફલ બાગ ઉજારા, રાવનસુત અચ્છય કો મારા ॥૧૯॥
બ્રહ્મસર મેઘનાદ ચલાએ, શસ્ત્ર કા કપિ ન માન ઘટાએ ॥૨૦॥
બંદી કપિ સભા બીચ આયે, રાવણ કો પ્રભુ મહિમા સુનાએ ॥૨૧॥
રામચરન પંકજ ઉર ધર લો, માન સહિત સીતા લૌટા દો ॥૨૨॥
દસકંધર કી મતિ ભરમાઈ, કપિ પૂઁછ મેં આગ લગવાઈ ॥૨૩॥
ગરજે કપિ છલાંગ લગાઈ, છિન મેં સારી લંકા જરાઈ ॥૨૪॥
સીતા સે માંગે કપિ ચીન્હા, સીતાને ચુડામણિ દીન્હા ॥૨૫॥
જામવંત કપિ ચરિત સુનાએ, રામ સુનત હનુમત હિયઁ લાયે ॥૨૬॥
બરનઉ કપિ સીતા કા ક્રંદન, બિકલ ભયે અતિશય રઘુનંદન ॥૨૭॥
લછમન સંગ ચલે રઘુરાયા, વાનર સૈન્ય સિંધુતટ આયા ॥૨૮॥
મંદોદરી અરજ લઈ આઈ, સઠ રાવણ ને હંસી ઉડાઈ ॥૨૯॥
વિભિષણ ને શુભ વચન ઉચારા, કરત દશાનન ચરન પ્રહારા ॥૩૦॥
શિવ કહે ઉમા સંત હૈં વિભિષણ, ચાહી ચલેઉ ભલાઈ દશાનન ॥૩૧॥
ત્રાહિ ત્રાહિ કર વિભિષણ આયે, તુરત ઉઠે પ્રભુ હૃદય લગાયે ॥૩૨॥
સિંધુ નીર રામ કર લીન્હા, રાજ તિલક વિભિષણ કો કીન્હા ॥૩૩॥
રઘુપતિ સહિત સોચે સબ બીરા, કેહિ બિધિ તરિઉ જલધિ ગંભીરા ॥૩૪॥
રાવણ કો સંદેશ દે લછમન, આયા તુમ્હારા કાલ દશાનન ॥૩૫॥
પત્ર સુની રાવણ મુસકાયા, મન હી મન ખલ અતિ ગભરાયા ॥૩૬॥
કોપિત રઘુપતિ ચાપ ચઢાવા, સિંધુ સભય શરણ મેં આવા ॥૩૭॥
કહા નીલ - નલ વાનર ભાઈ, સ્પર્શ કિએ ગિરિ સિંધુ તરાઈ ॥૩૮॥
શ્રી રઘુપતિ મન યહ મત ભાએ, તુલસી ચરિત યથામતિ ગાએ ॥૩૯॥
સુંદરકાંડ કા સાર સુભાએ, 'ૐઋષિ' ચાલીસા રચાએ ॥૪૦॥

**સાખી**

સુંદરકાંડ કા પાઠ દે, રિદ્ધિ — સિદ્ધિ અપાર ।
સુંદરકાંડ શ્રી ચાલીસા, ફલ દે અપરંપાર ॥

**॥ ઈતિ શ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી વિરચિત 'શ્રી સુંદરકાંડ ચાલીસા' સંપૂર્ણ ॥**


॥ ૐ નમઃ ॥



# પરશુરામ જયંતી

## "ભગવાન પરશુરામ એટલે ન્યાયના દેવતા"

### ભગવાન શ્રી પરશુરામની કૃપા પ્રાપ્ત કરવા માટે ચમત્કારિક મંત્રસાધના

બ્રાહ્મણ જાતિના કુલગુરુ ભગવાન પરશુરામની જયંતી હિન્દુ પંચાગ અનુસાર વૈશાખ મહિનાની શુકલપક્ષની તૃતિયા એટલે કે ત્રીજનાં દિવસે મનાવવામાં આવે છે. પરશુરામ જયંતી "પરશુરામ દ્વાદશી' તરીકે પણ ઓળખાય છે. ભગવાન પરશુરામ ઋષિ ઋચિકનાં પૌત્ર અને ભૃગુશ્રેષ્ઠ મહર્ષિ જમદગ્નિનાં પુત્ર છે. ભગવાન પરશુરામ મહાદેવ શિવનાં પરમ ભક્ત છે. મહાદેવ શિવજીએ જ પરશુરામજીને એક અમોઘ અસ્ત્ર - પરશુ પ્રદાન કરેલું. તેમનું વાસ્તવિક નામ રામ હતું પરંતુ એમના હાથમાં પરશુ ધારણ કરવાથી તે પરશુરામ તરીકે ખ્યાતિ પામ્યા. અક્ષયતૃતીયા એટલે કે અખાત્રીજ પણ આ જ દિવસે ઉજવાય છે.

ભગવાન પરશુરામનું તેજ અને શૌર્ય હતું કે તેમણે કાર્તવીર્ય સહસ્ત્રાર્જુનનો વધ કરીને અરાજકતાને સમાપ્ત કરી હતી તેમજ નૈતિકતા અને ન્યાયનો સાથ આપ્યો. ભગવાન વિષ્ણુએ પરશુરામના રૂપે જન્મ લીધો તેનું મુખ્ય ઉદ્દેશ્ય ધર્મની સ્થાપના અને અધર્મનો નાશ કરવાનું હતું. તેમની ગણના ભગવાન હનુમાન, અશ્વત્થામા, ઋષિ માર્કંડેય, મહર્ષિ વેદવ્યાસ, રાજા બલિ જેવા ચિરંજીવી અવતારોમાં થાય છે. ભગવાન પરશુરામ એક મહાન યોદ્ધા સાથે પરમ જ્ઞાની પણ હતા. ભગવાન વિષ્ણુના દસ અવતારોમાં છઠ્ઠો અવતાર એટલે ભગવાન પરશુરામ.

ભગવાન પરશુરામ શસ્ત્રવિદ્યાના મહાન ગુરુ હતા. તેમણે ભિષ્મ, દ્રોણ તેમજ કર્ણને શસ્ત્રવિદ્યા પ્રદાન કરેલી. તેમણે એકાદશ છંદયુક્ત "શિવ પંચત્વારિંશનામ સ્તોત્ર' પણ લખ્યો હતો. તેમને આરંભિક શિક્ષા મહર્ષિ વેદવ્યાસ તેમજ ઋચિકનાં આશ્રમમાં પ્રાપ્ત થવાની સાથે જ મહર્ષિ ઋચિકથી "સારંગ' નામે દિવ્ય એવું વૈષ્ણવ ધનુષ અને બ્રહ્મર્ષિ કશ્યપથી વિધીવત અવિનાશી વૈષ્ણવ મંત્ર પ્રાપ્ત થયો હતો. કૈલાસ

પર્વતનાં ગિરીશ્રૃંગ પર સ્થિત ભગવાન શિવના આશ્રમમાં વિદ્યા પ્રાપ્ત કરીને તેમણે "વિદ્યુદભિ" નામે પરશુ પ્રાપ્ત કરેલું. શિવજીથી તેમણે ત્રૈલોક્ય વિજય કવચ, સ્તવરાજ સ્તોત્ર તેમજ મંત્ર કલ્પતરુ પણ પ્રાપ્ત થયા. ભગવાન પરશુરામજી ભાર્ગવ ગોત્રનાં સૌથી આજ્ઞાકારી સંતાનોમાં એક હતા, જે હંમેશા તેમના માતા-પિતા અને ગુરુની આજ્ઞાનું પાલન કરતા.

પરશુરામ જયંતી ખૂબ જ ધામ-ધુમ સાથે ઉજવવામાં આવતી હોય છે. મત્સ્ય પુરાણ અનુસાર એવું કહેવાય છે કે આ દિવસે દાન-પુણ્ય કરવાથી તે કાયમ માટે અક્ષય રહે છે એટલે કે તે ધનનો ક્યારેય પણ ક્ષય થતો નથી. આમ, ભગવાન પરશુરામ એ ન્યાયના દેવતા તરીકે ઓળખાય છે જેમણે એકવીસ વખત પૃથ્વીને ક્ષત્રિય વિહીન કરેલી.

## ભગવાન શ્રી પરશુરામની કૃપા પ્રાપ્ત કરવા માટે
## ચમત્કારિક મંત્રસાધના



પરશુરામ જયંતીના પાવન દિવસથી ભગવાન પરશુરામની આરાધના કરવા માટે આજે હું આપને ૧૮ દિવસની મંત્રસાધના આપી રહ્યો છું.

### દિવ્ય મંત્ર : ॥ ૐ પરશુરામા વરદાતા સિદ્ધા નમઃ ॥

ઉપર આપેલ દિવ્ય મંત્ર ૯ વખત કરી અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ મંત્રસાધના પરશુરામ જયંતીના દિવસથી શરૂ કરીને કુલ ૧૮ દિવસ કરવી. આ સાધના આખા દિવસમાં ગમે તે સમયે કરી શકાય. સાધના દરમ્યાન કોઈ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૧૮ દિવસ ગણીને આ સાધના પરિપૂર્ણ કરવી. આ દિવ્ય સાધનાથી આપને ભગવાન પરશુરામની અસીમ કૃપા અને આશીર્વાદની પ્રાપ્તિ થશે.

# સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ | તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|---|---|---|
| ૨૧-૦૩-૨૦૨૫ | શુક્રવાર | ૐ વાજમ | ૬-૦૪-૨૦૨૫ | રવિવાર | ૐ સૂર્યતા |
| ૨૨-૦૩-૨૦૨૫ | શનિવાર | ૐ લક્ષ્મીતા | ૭-૦૪-૨૦૨૫ | સોમવાર | ૐ બુદ્ધતા |
| ૨૩-૦૩-૨૦૨૫ | રવિવાર | ૐ પૂર્વાત | ૮-૦૪-૨૦૨૫ | મંગળવાર | ૐ રાજીકા |
| ૨૪-૦૩-૨૦૨૫ | સોમવાર | ૐ કાર્યતા | ૯-૦૪-૨૦૨૫ | બુધવાર | ૐ પારીકા |
| ૨૫-૦૩-૨૦૨૫ | મંગળવાર | ૐ દાવિતા | ૧૦-૦૪-૨૦૨૫ | ગુરુવાર | ૐ શિવા |
| ૨૬-૦૨-૨૦૨૫ | બુધવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ | ૧૧-૦૪-૨૦૨૫ | શુક્રવાર | ૐ બગલામુખી |
| ૨૭-૦૩-૨૦૨૫ | ગુરુવાર | ૐ ક્ષેત્રપાળવીર | ૧૨-૦૪-૨૦૨૫ | શનિવાર | ૐ મહાકાલી |
| ૨૮-૦૩-૨૦૨૫ | શુક્રવાર | ૐ નવાતિ | ૧૩-૦૪-૨૦૨૫ | રવિવાર | ૐ શૈલપુત્રી |
| ૨૯-૦૩-૨૦૨૫ | શનિવાર | ૐ રાહુતા | ૧૪-૦૪-૨૦૨૫ | સોમવાર | ૐ ચંદ્રતા |
| ૩૦-૦૩-૨૦૨૫ | રવિવાર | ૐ કેતુતા | ૧૫-૦૪-૨૦૨૫ | મંગળવાર | ૐ ત્રિપુરાસુંદરી દેવી |
| ૩૧-૦૩-૨૦૨૫ | સોમવાર | ૐ શુક્રતા | ૧૬-૦૪-૨૦૨૫ | બુધવાર | ૐ ધુમાવતીદેવી |
| ૧-૦૪-૨૦૨૫ | મંગળવાર | ૐ ગુરુતા | ૧૭-૦૪-૨૦૨૫ | ગુરુવાર | ૐ કમલા દેવી |
| ૨-૦૪-૨૦૨૫ | બુધવાર | ૐ મંગલાતીતા | ૧૮-૦૪-૨૦૨૫ | શુક્રવાર | ૐ સિદ્ધામી |
| ૩-૦૪-૨૦૨૫ | ગુરુવાર | ૐ સુજીકા | ૧૯-૦૪-૨૦૨૫ | શનિવાર | ૐ શુભમ |
| ૪-૦૪-૨૦૨૫ | શુક્રવાર | ૐ કુબેરદેવ | ૨૦-૦૪-૨૦૨૫ | રવિવાર | ૐ લાભમ |
| ૫-૦૪-૨૦૨૫ | શનિવાર | ૐ શનિતા | | | |



# ૐકાર ધ્યાન ભાગ-૩

ૐકાર ધ્યાન ભાગ-૩ માં હું તમને તમારી ઓરામાં જે યુગો-યુગોથી જન્મો-જન્મથી જે અવાજ પડેલો છે એનાથી તમારી આત્મા ને ઓરા પરિચિત છે, એવા અવાજ સાથે ૐકાર ધ્યાન-૩ શીખવાડવા જઇ રહ્યો છું.

ગયા જન્મમાં તમે કોઇક અલગ જીવ હશો, એના આગલા જન્મમાં મનુષ્ય હશો, ટૂંકમાં તમારી આત્માનો જ્યારે કોઇ એક દેહમાં પહેલીવાર જન્મ થયો હશે એ દેહથી આજના આ દેહ સુધીની જે સફર વચ્ચે તમે ક્યાંક વન્ય પ્રાણી હશો, કોઇક જીવ હશો, કોઇક ખેચર પ્રાણી હશો, કોઇક દરિયાઇ પ્રાણી હશો, પક્ષી હશો પણ આ પાંચ અવાજ તો તમે ક્યાંક ને ક્યાંક કોઇક ને કોઇક રીતે દરેક જન્મમાં સાંભળ્યા જ હશે અને એ પાંચ અવાજથી તમારી આત્મા અને તમારી ઓરા પરિચિત છે. એ પાંચ અવાજને આપણે આજે સાંભળવાના છીએ જેથી કરીને આપણામાં આ અવાજની તાજગી ફરીવાર જ્યારે ૐકાર ધ્યાન કરવા બેઠા છીએ ત્યારે આવી જાય.

તો સૌથી પહેલો જે અવાજ છે જે અવાજ હવે આપણે સાંભળવા જઇ રહ્યા છીએ એ છે ખળ ખળ વહેતા પાણીનો અવાજ.... ઝરણાનો અવાજ.... એને તમારે એક મિનિટ સુધી સાંભળવાનો છે. આ અવાજ તમારે યુ-ટ્યુબમાં સદ્ગુરુ ૐઋષિ ચેનલમાં ૐકાર ધ્યાન ભાગ-૩માંથી સાંભળવાનો છે. આ અવાજ તમે કોઇપણ જન્મમાં કોઇપણ દેહમાં હશો ત્યારે આ અવાજ તમારા કાને ચોક્કસ પડ્યો હશે.

હવે બીજો અવાજ પંખીના કલરવ, પંખીના ગાન તરફ પ્રયાણ કરીએ. આ અવાજ પણ તમે કોઇપણ જન્મમાં હશો તમે ચોક્કસ શ્રવણ કર્યો હશે. તમારી આત્મા ને તમારી ઓરા આ અવાજથી પરિચિત હશે અને આજે પણ શાંતિ માટે તમને આ પસંદ કરેલો મારો અવાજ મેં જે પક્ષીનો અવાજ પસંદ કર્યો છે એ સાંભળવામાં અદ્ભૂત આનંદની અનુભૂતિ થશે. આ અવાજ તમારે યુ-ટ્યુબમાં સદ્ગુરુ ૐઋષિ ચેનલમાં ૐકાર ધ્યાન ભાગ-૩માંથી સાંભળવાનો છે. પક્ષીનો કલરવ તમને ખૂબ ગમ્યો હશે.

હવે ત્રીજો અવાજ જે છે, એ અવાજ છે કુદરતનો. સવારના ચાર-પાંચ વાગે કુદરતનો જે પવન, જે અવાજ હોય, નૈસર્ગિક સૌંદર્યનો કુદરતનો જે અવાજ હોય, એ જે સવારના વહેલું ઉઠ્યું હોય એને અનુભવ હોય. કુદરત આપણને શું કહે છે? કઇ રીતે કહે છે? કયા શબ્દોમાં કહેવા માંગે છે? એની લય તાલ શું છે?



|| ૐ નમઃ ||

એ આપણે સમજીએ. એક મિનિટ માટે આપણે એને શ્રવણ કરીએ. આ અવાજ તમારે યુ-ટ્યુબમાં સદ્ગુરુ ૐઋષિ ચેનલમાં ૐકાર ધ્યાન ભાગ-૩માંથી સાંભળવાનો છે. કુદરતનો અદ્ભૂત અવાજ આપણે સાંભળ્યો.

હવે આપણે એક સૂર તરફ જઇએ છીએ કે કોઇપણ એક જન્મમાં કોઇ પશુ હોઇશું, પંખી હોઇશું, મનુષ્ય હોઇશું પણ આપણે કોઇ એક સૂર તો સાંભળ્યો જ હશે અને એ સૂર સાંભળવાથી આપણી ઓરામાં જે સ્પંદન પેદા થાય છે એ સ્પંદનની અનુભૂતિ પણ આપણે અચૂક અને અવશ્ય કરવી જોઇએ. જેમકે મેં મારી ગઝલની રચનાઓ જે સૂરબદ્ધ ને લયબદ્ધ રીતે ગવડાવીને જ્યારે મુકી રહ્યો છું તમે સાંભળશો તો એમાં પણ એક એવો સૂર, એવો એક અવાજ ઉત્પન્ન થયેલો છે કે જેનાથી તમારી ઓરાની અંદર એક નવી ઊર્જાશક્તિ ઉત્પન્ન થશે માટે કુદરતના એ સૂરનો અવાજ કોઇપણ જન્મમાં આપણે સાંભળ્યો જ હશે એ અવાજને હવે આપણે એક મિનિટ માટે સાંભળીએ. આ અવાજ તમારે યુ-ટ્યુબમાં સદ્ગુરુ ૐઋષિ ચેનલમાં ૐકાર ધ્યાન ભાગ-૩માંથી સાંભળવાનો છે. કેવો અદ્ભૂત સૂર હતો! કદાચ હજાર વર્ષ પહેલા તમે જે પણ જગ્યાએ હશો તમે આ અવાજ આ સૂર સાંભળ્યો જ હશે.

છેલ્લે સમુદ્રના મોજાનો અવાજ. પૂનમ અને અમાસ આ બંન્ને દિવસો એવા છે કે જ્યારે તમારા સ્વભાવમાં ચડતી, પડતી, ઉઠાવ, પટક આવી શકે છે. આ તમે પોતે પણ અનુભવ્યું હશે. ઘણાં લોકો તો મને કહે છે કે પૂનમ આવવાની હોય ત્યારે ગુરુજી અમુક ઘટનાઓ થાય છે. અમાસ આવવાની હોય ત્યારે અમુક ઘટનાઓ થાય છે. એ ઘટનાઓ લગભગ મહદ્અંશે નકારાત્મક બનતી ઘટનાઓ છે, કારણકે સમુદ્રના પાણીનો જે અવાજ છે, એના મોજાનો જે અવાજ છે એ મોજાના અવાજથી આજે અલિપ્ત છીએ, કારણકે દરેક જણ દરિયાકિનારે રહેતું નથી અને જે દરિયાકિનારે રહે છે એ લોકો તો ક્યારેય પણ મોજાનો અવાજ સાંભળવા જતું નથી. સરવાળે મોજાના અવાજથી દરિયાના મોજાના ધ્વનિથી આપણે વંચિત છીએ. એક મિનિટ માટે દરિયાના મોજાનો અવાજ આપણે સાંભળવો જોઇએ. આ અવાજ તમારે યુ-ટ્યુબમાં સદ્ગુરુ ૐઋષિ ચેનલમાં ૐકાર ધ્યાન ભાગ-૩માંથી સાંભળવાનો છે. દરિયાના મોજાનો અવાજ તમને કેટલો આનંદિત કરી ગયો! તમારા હૃદયમાં આનંદનો કિલકિલાટ થયો હોય એવી અનુભૂતિ તમને થઇ હશે.

આ પાંચ અવાજ મેં તમને સંભળાયા. ૐકાર ધ્યાનમાં આ પાંચ અવાજથી તમારી આત્મા એ અવાજ સાથે પરિચિત છે, કારણકે નથી તમે રોજ પંખીના કલરવ સાંભળતા કે નથી તમે દરિયાના મોજાનો અવાજ સાંભળતા કે નથી તમે ખળખળ વહેતા ઝરણાના અવાજ સાંભળતા, નથી કોઇ સૂરને સાંભળતા. તમે તમારા જીવનમાં નથી કુદરતી સૌંદર્યના અવાજને સાંભળતા.

રોજ ૐકાર ધ્યાન આસન-૩ માં હું તમારી આત્મા, તમારી ઓરાને હજારો જન્મ પહેલા લાખો જન્મ પહેલા તમે પહેલીવાર જ્યારે જન્મ લીધો હશે ને પહેલા અવાજ જે સાંભળ્યા હશે એમાં આ પ્રમુખ પાંચ અવાજ તો ચોક્કસ હશે અને એની સાથે આજે મેં આપનો પરિચય કરાવ્યો છે. એક મહિના માટે તમારે આ નિયમિત સાંભળવાનો છે અને જો કાયમ સાંભળશો તો તમારી અંદર ચોક્કસ બદલાવ આવશે.

તમને એવું થાય કે આ અવાજ સાંભળતા સાંભળતા મનમાં શું રટણ કરવાનું? તમારે મનમાં સતત ૐ નમઃ.... ૐ નમઃ....ૐ નમઃ રટવાનું છે અથવા મૌન થઇ એ અવાજને શ્રવણ કરો. આ ક્રિયામાંથી તમને જે અનુકૂળ પડે એ તમે કરી શકો છો.

ૐકારનું દિવ્ય ચૈતન્ય અને આશીર્વાદ સદાય આપના રહે એવા મારા આશીર્વાદ છે. ૐકાર ધ્યાન-૩ તમે નિયમિત રીતે તમે કરશો એવી ભાવના હું રાખું છું.

આવતા અંકમાં હું આપને ૐકાર ધ્યાન ભાગ-૪ વિશે સમજૂતી આપીશ.

# જાહેર આમંત્રણ

## “દર્શન માત્ર સે મિટે કષ્ટ”

**મંત્ર – દર્શન – ચમત્કાર**

**મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮**

**પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના**

# પૂનમ મહાદર્શન



ૐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

ૐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ**

**13 માર્ચ, 2025**
**ગુરુવાર**

**શુભ સ્થળ**

**અન્નપૂર્ણા હોલ,**
**આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ**

**શુભ સમય**

**સવારે 10 થી**
**બપોરે 1 કલાક સુધી**

**સંપર્ક સૂત્રઃ 9429208997**

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

**RNI GUJGUJ/2015/65690**

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**